ડાયરેક્ટ ❤ સે

છેતરીને સંત બનવું
એના કરતાં
છેતરાઈને
માણસ બનવું સારું

જન્મદિને વધામણી

વનરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૭૪૦૫૫ ૧૭૬૦૬

સિધ્ધાર્થ લૉ કૉલેજ ખાતે આંબેડકર જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૫
ડૉ. બી આર આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિધ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે ૧૨૭મી આંબેડકર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી, આચાર્ય ડૉ. દિલીપ મેવાડા, સ્ટાફગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદમાં ‘રાયનો-એસ્થેટિકોન’ વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫
મેક્ઝિલો ફેશિયલ, ઈએનટી અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત AMC મેટ મેડિકલ કોલેજ ખાતે ગુજરાતમાં પ્રથમ વખત બે દિવસીય ‘રાયનો-એસ્થેટિકોન અમદાવાદ ૨૦૧૮’ વર્કશોપનું આયોજન થયું છે. વર્કશોપના પ્રથમ દિવસે કુલ ૭ લાઈવ સર્જરી કરવામાં આવી હતી. બાકીની ૧૩ સર્જરી રવિવારના દિવસે કરવામાં આવી હતી. અમદાવાદના મેયર ગૌતમ શાહે વર્કશોપનું ઉદઘાટન કર્યું હતું. .

વર્કશોપના મુખ્ય આયોજક અને એલ.જી. હોસ્પિટલ ઈએનટી વિભાગના વડા ડૉ. અતુલ કંસારાએ આ પ્રસંગે કહ્યુ કે, જન્મજાત અથવા અકસ્માતના કારણે નાકને ગંભીર ઈજા થવાના કારણે વ્યક્તિનો ચહેરો કદરૂપો બની જતો હોય છે ત્યારે મેડિકલ ક્ષેત્રે આવેલી નવી ટેક્નોલોજી અને ટ્રીટમેન્ટના કારણે આ સમસ્યાને દૂર કરી શકાય છે. નવી ટેક્નોલોજીથી યુવા ડૉક્ટર્સ રૂબરૂ થાય તે ઉદેશ સાથે વર્કશોપનું આયોજન થયું છે. ગુટખા ખાવાથી મોઢા જકડાય અથવા જડબાને ખોલવામાં મુશ્કેલી થતી હોય છે એવા વ્યક્તિ માટે પ્લાસ્ટિક સર્જરીની મદદથી મોઢાની તકલીફ દૂર થઈ જાય છે. અકસ્માતના કારણે અથવા કુદરતી ચહેરાની ખોડ હોય એવા દર્દીઓ માટે ચહેરાની પ્લાસ્ટિક સર્જરી આશીર્વાદરૂપ છે.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન - ૧
ઑક્ટોબર
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન - ૩
રેવા (ગુજરાતી)
૧૨.૩૦
રેમ્પેજ (અંગ્રેજી)
૩.૩૦, ૮.૦૦
રેમ્પેજ (હિન્દી)
૪.૪૫, ૧૦.૧૫
સ્ક્રીન - ૪
મર્ક્યુરી સાયલેન્ટ
૧૨.૩૦, ૭.૪૫
ફેરા ફેરી હેરા ફેરી (ગુજરાતી)
૨.૩૦, ૯.૪૫
રેઈડ
૫.૧૫
સ્ક્રીન - ૫
ઑક્ટોબર
૧.૦૦
બાગી-૨
૩.૪૫, ૯.૩૦
બ્લેક મેઈલ
૬.૪૫

પી. જી. મેડિકલની ખાલી બેઠકોની વિગતો સરકારે માગી

પી જી મેડિકલની ઓલ ઈન્ડિયાની અંદાજે ૯૭૦૦ જેટલી બેઠકો માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બીજો રાઉન્ડ પૂર્ણ કરાયો

ગાંધીનગર, તા. ૧૫
પી. જી. મેડિકલમાં ઓલ ઈન્ડિયાની અંદાજે ૯૭૦૦ જેટલી બેઠકો માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બીજો રાઉન્ડ પૂરો કરી દેવામાં આવ્યો છે. નિયમ પ્રમાણે બીજો રાઉન્ડ પૂર્ણ થયા બાદ ખાલી પડનારી બેઠકો જે તે રાજયોનો પરત સોંપી દેવામાં આવતી હોય છે. શુક્રવારે ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટેનો રાઉન્ડ પૂર્ણ થયા બાદ કેન્દ્ર સરકાર દ્વારા એવી સૂચના જાહેર કરવામાં આવી છે કે, પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો હોય અને બીજા રાઉન્ડમાં ફેરબદલી કરવામાં આવી હોય તે રદ કરાવવી હોય તો વિદ્યાર્થીઓએ જે તે કોલેજમાં જઈને તા.૧૯મી સુધીમાં ઓફલાઈન સિસ્ટમથી આ પ્રવેશ રદ કરાવવાનો રહેશે. આ ઉપરાંત કોલેજોમાં ખાલી પડેલી બેઠકોની વિગતો પણ સરકાર દ્વારા મંગાવવામાં આવી છે.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે ત્રીજો રાઉન્ડ કરવાનો હોય ત્યારે જ સરકાર દ્વારા ખાલી પડેલી બેઠકોની વિગતો મંગાવવામાં આવતી હોય છે. આમ, કેન્દ્ર સરકારે ખાલી બેઠકોની વિગતો મંગાવવા ઓલ ઈન્ડિયાની ખાલી બેઠકો માટે ત્રીજો રાઉન્ડ થાય તેવી શકયતા છે. જો આમ થાય તો રાજય સરકારે જે રાઉન્ડ કરવાનો છે તે સ્થગિત કરવો પડશે. કારણ કે સુપ્રીમ કોર્ટ દ્વારા દરેક રાજયને તા.૨૬મી સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની સૂચના આપવામાં આવી છે. પરંતુ જયાં સુધી ઓલ ઈન્ડિયાની ખાલી પડેલી બેઠકોની વિગતો રાજયની પ્રવેશ સમિતિ પાસે નહીં પહોંચે ત્યાં સુધી બીજા રાઉન્ડની કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી. આમ, કેન્દ્ર સરકાર દ્વારા ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે જે કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે તેમાં વારંવાર ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જયારે રાજય સરકારોને આપેલી મુદત એટલે કે તા.૨૬મી એપ્રિલમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

પી. જી. મેડિકલમાં ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે બીજો રાઉન્ડ પૂર્ણ થયા બાદ ખાલી પડનારી બેઠકો દરેક રાજયોને પરત કરવાની હોય છે. પરંતુ દરેક કોલેજોમાં ખાલી પડેલી બેઠકોની વિગતો કેન્દ્ર સરકારને મોકલી આપવા સૂચના આપી છે. જેના કારણે હવે ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે ત્રીજો રાઉન્ડ યોજવામાં આવે તેવી શકયતા ઊભી થઈ છે. જો ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે ત્રીજો રાઉન્ડ થાય તો રાજયોમાં બીજો રાઉન્ડ સ્થગિત કરવો પડે તેવી સ્થિતિ ઊભી થાય તેમ છે.

ધોરણ-૧૨ સાયન્સની ફાઈનલ આન્સર કીમાં ૩ ગુણની લહાણી

ગાંધીનગર, તા. ૧૫
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં મુખ્ય ચાર વિષયની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવ્યા બાદ તેમાં વાંધા મંગાવ્યા હતા.

જેની ચકાસણી કર્યા બાદ બોર્ડ દ્વારા ફાઈનલ આન્સર કી જાહેર કરી છે. જેમાં કેમેસ્ટ્રી અને બાયોલોજીમાં પ્રોવિઝનલ આન્સર કીમાં કોઈ ફેરફાર નથી. જ્યારે ગણિત અને ફિઝિક્સમાં એક-એક પ્રશ્નમાં ફેરફાર થયો હોવાનું જાણવા મળે છે. જેના પગલે હવે કેમેસ્ટ્રીમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ ત્રણ ગુણ મળવાનું નક્કી થઈ ગયું છે. કેમેસ્ટ્રીમાં ત્રણ પ્રશ્નોમાં તમામ વિદ્યાર્થીને એક-એક ગુણ આપવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીમાં ૨ ગુણ મળશે. .

બોર્ડ દ્વારા તાજેતરમાં લેવાયેલી ધો-૧૨ સાયન્સની પરીક્ષાના મુખ્ય ચાર વિષય ગણિત, કેમેસ્ટ્રી, બાયોલોજી અને ફિઝિક્સની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી હતી. આ આન્સર કી સામે કોઈને વાંધો હોય તો તેમની પાસે લેખિતમાં વાંધા મંગાવ્યા હતા. બોર્ડ સમક્ષ વાંધા આવ્યા બાદ નિષ્ણાતો પાસે તેની ચકાસણી કરાવી હતી. જેમાં કેમેસ્ટ્રી અને બાયોલોજીની પ્રોવિઝનલ આન્સર કીમાં કોઈ ફેરફાર થયો ન હતો. જેના પગલે કેમેસ્ટ્રીમાં વિદ્યાર્થીઓને ગુણની લ્હાણી થઈ છે.

કેમેસ્ટ્રીમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ પરિણામ પહેલા જ મળી ગયા છે. જ્યારે ગણિતમાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણેય માધ્યમમાં એક પ્રશ્નમાં ફેરફાર થયો છે. જ્યારે ભૌતિકવિજ્ઞાનમાં અંગ્રેજી માધ્યમમાં એક પ્રશ્નના જવાબમાં ફેરફાર થયો હોવાનું બોર્ડ દ્વારા જણાવાયું છે. આમ, બોર્ડ દ્વારા નિષ્ણાતો પાસે આન્સર કીની ચકાસણી કરાવી લીધી છે. જેથી હવે તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થશે નહીં તેમ બોર્ડ દ્વારા જણાવાયું હતું.

કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ-મંત્રી ચૂંટાયા

ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની નવીન કારોબારી સભા તાલુકા ચૂંટણી કન્વીનર મુકેશભાઈ પી ભુરીયાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં નવા યુવા પ્રમુખ ધર્મેશ જે રાવલ (ગણપતપુરા પ્રાથમિક શાળા) અને મંત્રી તરીકે છત્રાલ પગાર કેન્દ્ર શાળાના ભાવેશ પટેલની નિમણૂંક થઈ હતી.

કલોલ તાલુકામાં પ્રથમવાર ચૂંટણીથી પ્રમુખ, મંત્રી નિમવામાં આવ્યા હોવાથી મતદારોમાં ખૂબ જ ઉત્સાહ હતો. લોકશાહી ઢબે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયાથી નવા પ્રમુખ, મંત્રીની વરણી થઈ હતી, જેનાથી કલોલ તાલુકાના તમામ શિક્ષકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

આઈસીએઆઈ દ્વારા વિદ્યાર્થીઓ માટે

નવેમ્બરમાં કૉમર્સ વિઝાર્ડ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫
આઈસીએઆઈ દ્વારા આગામી નવેમ્બર માસમાં ધો.૯થી લઈને બી.એ.,બી.કોમ,બીબીએ, બીએમએસ સહિતના કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કોમર્સ વિઝાર્ડ ૨૦૧૮નું આયોજન કરવામાં આવશે. કોમર્સને વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બનાવવાના આશય સાથે વર્ષ ૨૦૧૬થી શરૂ કરાયેલી આ કોમર્સ વિઝાર્ડમાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ઓપન ડિસ્ટન્સ લર્નિંગ હેઠળ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પણ આ ટેસ્ટ આપી શકશે.

ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ના કેરિયર કાઉન્સિલ ગ્રૂપ (સીસીએસજી) દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી આઈસીએઆઈ કોમર્સ વિઝાર્ડ ૨૦૧૮ નામની કોમર્સ ટેલેન્ટ સર્ચ ટેસ્ટ યોજવામાં આવે છે.

આ અંગે માહિતી આપતાં કેરિયર કાઉન્સેલિંગ ગ્રૂપના કન્વીનર સીએ મુકેશસિંઘ કુશવાહ કહે છે કે દેશમાં ધો. ૯થી ૧૨ સુધી અને કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો કોમર્સ પ્રત્યેને લગાવ વધે તે માટે આ ટેસ્ટનુ આયોજન કરવામાં આવે છે. દેશમાં ધો.૧થી ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે ૮ કરોડ જેટલી છે. જ પૈકી ૩૦ થી ૪૦ લાખ વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓ કોઈને કોઈ કારણોસર ધો.૧૨ પહેલા જ અભ્યાસ છોડી દેતાં હોય છે. આ વિદ્યાર્થીઓ પોતાના રોજીંદા વ્યવહારમાં ઉપયોગી એવા કોમર્સને સમજી શકે અથવા તો રોજગારીમાં ઉપયોગ કરી શકે તેવો આશય પણ આ ટેસ્ટ યોજવા પાછળ રહેલો છે. તેઓએ કહ્યું કે હાલમાં ધો.૧૧માં આવતાં વિદ્યાર્થીઓએ કોમર્સ રાખવું કે નહીં તેની પસંદગી કરવાની હોય છે. ખરેખર ધો.૫ કે તેથી વહેલા જ સિલેબસમાં કોમર્સને લગતાં ચેપ્ટર દાખલ કરવા જરૂરી છે. જો આ માટે સરકાર ઈચ્છે તો અમે સહકાર આપવા પણ તૈયાર છીએ. આ ઉપરાંત આ વર્ષે યોજાનારી ટેસ્ટમાં ડિફેન્સન ૫૦ અને રેલવેના ૨૫ મળી કુલ ૭૫ વિદ્યાર્થીઓને આગળ સી.એ.નો અભ્યાસ કરવા માટે જે ખર્ચ થાય તેમાં ૫૦ ટકા રાહત આપવાનું નક્કી કરાયું છે. ટેસ્ટમાં સારો દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. આ ઉપરાંત આગામી દિવસોમાં કોમર્સ વિઝાર્ડને લોકપ્રિય બનાવવા માટે ખાસ બોર્ડની રચના કરવામાં આવશે. જેમાં જુદા જુદા ક્ષેત્રો સાથે સંકળાયેલા મહાનુભાવોનો એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવશે. વિદ્યાર્થીઓ ઈન્સ્ટિટયૂટની વેબસાઈટ પરથી રજિસ્ટ્રેશન ફોર્મ મેળવીને નિશ્ચિત તારીખ સુધીમાં સબમિટ કરવાનુ રહેશે. કુલ બે સ્તરમાં પરીક્ષા યોજવામાં આવશે. પ્રથમ તબક્કામાં ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે. જેમાં ૧૦૦ પ્રશ્નો ૧૦૦ માર્કસના રહેશે. ૭૫ મિનિટમાં વિદ્યાર્થીઓ જવાબ આપવાના રહેશે. જયારે લેવલ-૨માં પહેલા તબક્કામાં શોર્ટલીસ્ટ થયેલા ઉમેદવારોની ઓનલાઈન ટેસ્ટ લેવાશે. જે જાન્યુઆરી ૨૦૧૯માં લેવામાં આવશે. જેમાં ૯૦ મિનિટમાં ૧૦૦ માર્કસના ૧૦૦ પ્રશ્નોના મલ્ટિપલ ચોઈસથી જવાબ આપવાના રહેશે.

બૈશાખી પર્વ સૌને નવી ઉર્જા અને એક નવચેતના આપે છે

બૈશાખી પર્વમાં મુખ્યમંત્રી સહભાગી થયા : ગુરૂગ્રંથ સાહેબની ગાદીએ મસ્તક નમાવી ખાસ આશીર્વાદ મેળવ્યા : ગુરૂદ્વારા માટે કુલ ૫ કરોડની ફાળવણી કરાઈ

અમદાવાદ,તા.૧૪
મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે, બૈશાખીનું પર્વ એ સમરસતા-સૌહાર્દનું પર્વ છે. ગુરુ ગોવિંદસિંહે ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષા માટે ત્યાગ-અને બલિદાનના આદર્શો ને પ્રબોધ્યા છે ત્યારે ત્યાગ-બલિદાન-સમર્પણની ભાવનાથી રાષ્ટ્રરક્ષા માટે સૌ સમાજ સક્રિય બને તે સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ આજે અમદાવાદના મણીનગર સ્થિત ગુરુદ્વારા-ગુરુનાનક દરબારમાં આયોજિત બૈશાખી પર્વમાં સહભાગી થઈ ગુરુ ગ્રંથ સાહેબની ગાદીએ મસ્તક ટેકવી આશિર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુરુ ગોવિંદસિંહ અને ગુજરાતનો નાતો અતૂટ રહ્યો છે. ગુરુ ગોવિંદસિંહે ભારતના અલગ અલગ ખૂણેથી પાંચ પ્યારાની પસંદગી કરી હતી. તેમાં ગુજરાતના જામનગર, દ્વારકાના મોખમસીંગ પણ હતા. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના સમાજ જીવનમાં ઓતપ્રોત થઈ ગયેલા શીખ પરિવારો માટે શ્રદ્ધાના ત્રણ સ્થાનકો ભરૂચ, બેટ-દ્વારકા અને લખપતમાં છે. રાજ્ય સરકારે લખપત અને બેટ-દ્વારકાના માળખાકીય વિકાસના કામો હાથ પર લીધા છે અને પાંચ-પાંચ કરોડ ફાળવ્યા છે. સાથે સાથે લખપત ગુરૂદ્વારામાં પ્રવાસન વિભાગ દ્વારા આંતરમાળખાકીય સુવિધાની કામગીરી પણ હાથ પર લીધી છે એમ તેમણે ઉમેર્યું હતું. આ બંને સ્થળે હાઈપાવર-લૉ પાવર ટ્રાન્સમીશન સપ્લાય લાઈન, પાણી પુરવઠો, સુએઝ લાઈનની કામગીરી ઉપરાંત બ્યુટીફિકેશન, સોલાર પેનલ, સીસીટીવી પણ પુરા પડાશે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવીને વસેલા સૌએ ગુજરાતી સંસ્કૃતિ-ભાષાને આત્મસાત કરી છે. આ ગુજરાતના સમાજ જીવનની આગવી તાસીર છે. રાજ્ય સરકારે સૌના સમાન વિકાસની નીતિ અપનાવી સમરસ સમાજ રચનાનો નૂતન માર્ગ કંડાર્યો છે. મુખ્યમંત્રી જણાવ્યું હતું કે, જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે શીખ સમુદાયે સંઘર્ષ અને ત્યાગની પરાકાષ્ઠા સર્જી છે. રાજ્યના વિકાસ માટે શૌર્ય, વીરતા, ધૈર્ય, સાહસ પરાક્રમ, ત્યાગ, તપસ્યા જેવા સદગુણો સૌને પ્રેરણા આપતા રહેશે એમ તેમણે ઉમેર્યું હતું.

આજથી કર્ણાવતી ક્લબમાં એજ્યુકાફેની શરૂઆત

ગાંધીનગર, તા. ૧૫
બાળકો કોઈ જ પ્રકારના ડર કે દબાણ વિના પોતાની અંદર રહેલી ક્ષમતાઓને આધારે પોતે ગમે તે પ્રકારે શિક્ષણ મેળવી શકે તે હેતુથી કર્ણાવતી ક્લબ ખાતે એજ્યુકાફેની શરૂઆત કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ માટે ૬થી ૧૨ ધોરણનો સમયગાળો જ એવો હોય છે, જ્યારે તેઓ કારકિર્દીની દિશામાં ગંભીરતાથી આગળ વધવાનું શરૂ કરે છે. આ સમયે તેમાં પર હરિફાઈની વૃત્તિ અને માતા-પિતાનું કોઈ ચોક્કસ ક્ષેત્રમાં જ આગળ વધવા માટે દબાણ પણ વધતું જતું હોય છે. તેથી બાળકો પોતાની ક્ષમતાઓને અને પસંદ નાપસંદ ધ્યાનમાં રાખીને કારકિર્દીની પસંદગી કરી શકે તે રીતે એજ્યુડિસ્કવરમાં કેટલીક હરિફાઈ તેમજ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વાત કરતાં એજ્યુકાફેના ડિરેક્ટર આર. ધીરેન્દ્રએ જણાવ્યું હતું કે, અમારી બેંગ્લોર બેઝ્ડ કંપની છે, તેથી બેંગ્લોરથી આ કેમ્પ માટે કેટલાક નિષ્ણાતો આવશે. બાળકોની કલ્પના શક્તિ વિકસે, તેમનામાં વિશ્લેષણ શક્તિ વધે તેમજ નેતૃત્વના ગુણો વિકસે તેમજ દરેક દિવસ એક નવો અનુભવ બની રહે તે હેતુથી અમે ૩૦ દિવસની ૩૦ પ્રવૃત્તિઓનું આયોજન કર્યુ છે. અમે વિવિધ પ્રકારના કાર્યક્રમો કરતાં હોઈએ છીએ એમાં કેટલીક એવી પ્રવૃત્તિઓ પણ હોય છે, જે આખું વર્ષ ચાલે છે. પરંતુ શરૂઆત અમે આ ૧૬ એપ્રિલથી ૧૫ મે સુધીના એક મહિનાના કેમ્પથી કરીશું. જેમાં બાળકો માટે વિવિધ વર્કશોપ છે, કોમ્પિટિશન છે, તેમની કેટલાક સ્થળોની મુલાકાત પણ છે, પણ આ દરેક બાબતનો હેતુ એ છે કે, બાળકોના વિચારોના સીમાડા ખુલે અને એ જાતે સમજે. બાળકોને વિચારતા કરવાનું કામ આપણું છે, તેમને કેમ વિચારવું એ શીખવવાનું નહિ. એજ્યુડિસ્કવરી માટે ૬થી ૮ ધોરણની બેચ સવારે ૧૧થી ૧૨-૩૦ તેમજ ૯થી ૧૨ ધોરણની બેચ ૫-૩૦ થી ૭ વાગ્યા દરમિયાન યોજાશે. આ બંને બેચમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓની સંખ્યા સીમિત રાખવામાં આવી છે. કર્ણાવતી ક્લબની વેબસાઈટ પરથી પણ તેનું રજિસ્ટ્રેશન કરાવી શકાશે, તેમજ રૂબરૂ પણ થઈ શકશે.

અમદાવાદમાં દાંડી કૂચ થીમ પર બનશે બૂલેટ ટ્રેનનું સ્ટેશન

સ્ટેશનમાં ૧૫૦૦થી વધારે વાહનો પાર્ક કરી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાશે

અમદાવાદ,તા.૧૪
અમદાવાદના સાબરમતી રેલ્વે સ્ટેશનનાં એથ્લેટિક ગ્રાઉન્ડમાં અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનું સૌથી મોટું સ્ટેશન બનાવવામાં આવશે. આ સ્ટેશનની થીમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કરેલી દાંડી કૂચ પર રાખવામાં આવી છે. આમ આ સ્ટેશન અને પ્રોજેક્ટને ગાંધીજી સાથે જોડવામાં આવશે. દાંડી કૂચની થીમ પર બનનારા ત્રણ માળના વિશાળ સ્ટેશનનો ઉપરના ભાગમાં ચરખાની આકૃતિ બનાવવામાં આવશે. સ્ટેશનનો કુલ ખર્ચ રૂ. ૨૫૦ કરોડ અંદાજ લગાવવામાં આવ્યો છે.

૧૪ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ઼ૅસ મોદી અને જાપાનનાં PM શિન્જો એબેનાં હસ્તે જે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું, તેનું કાર્ય ડિસેમ્બર ૨૦૧૮થી શરૂ થવાનું છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન માટે અમદાવાદનાં સાબરમતી રેલવે એથ્લેટિક ગ્રાઉન્ડમાં ૩ માળનું બિલ્ડીંગ તૈયાર કરાશે. દાંડી કૂચની થીમ પર બનનાર આ બુલેટ સ્ટેશનને સાબરમતી જેલ રોડ અને ધર્મનગર સ્ટેશન તેમજ મેટ્રો સ્ટેશનને એસ્કેલેટરથી જોડશે. રૂપિયા ૨૫૦ કરોડના ખર્ચે બનનારા આ સ્ટેશનમાં ૧૫૦૦થી વધારે વાહનો પાર્ક કરી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાશે.

અમદાવાદ- મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની શરૂ થનારી સેવા માટે ૩૫ બુલેટ ટ્રેન રોજ દોડાવામાં આવશે. દર ૨૦ મિનીટે દોડનારી આ ૩૫ બુલેટ ટ્રેન અમદાવાદ અને મુંબઈ વચ્ચે રોજ અંદાજે ૭૦ ફેરા કરશે. જેમાં રોજિંદા ૪૦ હજાર લોકો મુસાફરી કરે તેવી શક્યતા હાલ સેવવામાં આવી છે. અમદાવાદથી મુંબઈ સુધીના બુલેટ ટ્રેનની મુસાફરીને બે ભાગમા વહેંચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

નઝમમેં ફીર આગ લગી, જલતે શહેર પર બૈઠા શાયર



ગાંધીનગર, તા. ૧૫
કાગઝ પર ગિરતે હી લફ્ઝ કઈ, કુછ ધુંઆ ઊઠા, ચિનગારીયાં કુછ ઔર નઝમમેં ફીર આગ લગી, જલતે શહેર પર બૈઠા શાયર. જેટલા જાણીતા ફિલ્મના ગીતાકાર અને દિગ્દર્શક એટલા જ જાણીતા શાયર ગુલઝારે શનિવારે અમદાવાદીઓને ઊર્દુ નઝમ અને શાયરીઓથી તરબતર કર્યા. કાવ્ય મુદ્રા દ્વારા આયોજિત મરીઝ મહેફિલના ભાગરૂપે યોજાયેલી સાંજે શહેરના યુવા કવિઓએ ગુલઝાર સાથે સવાલ જવાબ કર્યા અને ત્યાર બાદ જાણીતા રંગકર્મી સલીમ આરીફ સાથે પ્રશ્નોત્તરી કરી, તેમજ પોતાની કૃતિઓ રજૂ કરી.

એક યુવાને પૂછેલા સવાલ - આજે ગાલિબ હોત તો - ના જવાબમાં ગુલઝાર સાહેબે જણાવ્યું કે, અત્યારે મિર્ઝા ગાલીબ હોત તો કોઈ મ્યુઝિક ડિરેક્ટર પાસે બેઠા હોત. જ્યારે ગુજરાતીના જાણીતા કવિ તુષાર શુકલ દ્વારા પૂછાયેલા ફિલ્મી ગીતોના ગીતકાર ગુલઝારની કલમ અને શાયર ગુલઝારની કલમ અલગ ? આ જવાબમાં ગુલઝારે જણાવ્યું કે, ગાલીબ મ્યુઝિક ડિરેક્ટર પાસે તો હોત પણ બંને મુશ્કેલીમાં હોત, કારણ કે ગીત લખવા અઘરા છે. નઝમ કહેવી સહેલી છે, નઝમ એ તમારું પોતાનું કમિટમેન્ટ છે, એક નિવેદન છે, તમે તેના પાબંદ છો, એ જીવનભરનું નિવેદન બની રહે છે. જ્યારે ફિલ્મી ગીત ફિલ્મની સ્થિતિ મુજબ તેના બે પાત્રોને ધ્યાનમાં રાખીને તેમના મનમાં પ્રવેશીને લખવાનું હોય, એમનું ભાષામાં વાત કરવાની છે. જેમકે કોઈ ગેંગસ્ટર દારૂ પીને ગીત ગાય તો ‘ગોલી માર ભેજે પે’ જ કહે, એ ગાલીબની ગઝલ નહી ગાય. સાથે એ પણ ધ્યાન રાખવાનું કે, એ લોકો સુધી પહોંચશે કે નહી? જ્યારે નઝમમાં તમે વિચાર્યું કે, લોકોને ગમશે કે નહિ, તો તમે ગયા, જો તમે એવું વિચાર્યું કે, મને બેન તો નહિ કરી દે ? તો તો તમે બિલકુલ ગયા. બસ એ લખવાનું કૌવત હાથ લાગી જાય, પછી ન કલમ બદલાય, ન શાયર, માત્ર સ્યાહી બદલાય છે.

નઝમનો વિષય પસંદ કરવા બાબતે ગુલઝાર સાહેબે જણાવ્યું કે, સામાન્ય લાગતી જીવનની ઘટના પર તમે શું પ્રતિસાદ આપો છો, તેના પરથી વિષય બંને છે. તમે ચિત્રકાર હોય તો ચિત્ર બનાવો, શાયર શાયરી કરશે, નેતા હોય તો રેલી કાઢશે, એ ભાવના જ તમને કંઈક કહેવા મજબૂર કરે છે, પછી માધ્યમની વાત આવે છે. હું કોઈ નઝમ લખું, તેમાં વિસ્તાર કરી શક્યાનો સંતોષ ન થાય તો તેની વાર્તા કરુ. શેક્સપિયરના નાટકો પરથી બનેલી વિશાલ ભારદ્વાજની ફિલ્મોના ગીતો વિશે વાત કરતાં ગુલઝારે જણાવ્યું કે, મને એ ત્રણે ફિલ્મમાં ક્યાંય શેક્સપિયરનો વિચાર ન આવ્યો, મને બધી ફિલ્મો ઓરીજીનલ લાગી, હૈદરમાં પહેલી વખત કાશ્મીરનું જનજીવન દેખાયું બાકી અત્યાર સુધી આપણે ગીતોમાં કાશ્મીરનું શોષણ જ કર્યુ છે. એક બિલ્લીએ સિંહને શિકાર કરવાની દરેક કળા શીખવી, પહેલો જ સિંહ બિલાડી પર ઝાપટ્યો અને બિલાડી ઝાડ પર ચડી ગઈ. તો સિંહે કહ્યું, તમે આ તો ન શીખવ્યું મને. આમ મારી દીકરી મેઘના અને વિશાલ ડિરેક્શનની અને ફિલ્મ નિર્માણની કળાઓ તો શીખી ગયા, પણ ગીતો માટે તો બિલ્લી પાસે જ આવવું પડે.

હીપ એન્ડ ની સર્જરી પર કોન્ફરન્સમાં તબીબોએ રજૂ કર્યા અનુભવો

સન એક્પોઝર નહીં મળવાથી મહિલાઓમાં વિટામીન્સની ડેફિશિયન્સી

ગાંધીનગર, તા. ૧૫
ઈન્ડિયન સોસાયટી ઓફ હીપ એન્ડ ની સર્જરીની શુક્ર-શનિ-રવિ અમદાવાદ ખાતે ૧૨મી નેશનલ કોન્ફરન્સ યોજાઈ રહી છે. આ કોન્ફરન્સમાં સમગ્ર ભારત અને વિશ્વના જુદાજુદા દેશના ૫૫૦થી વધુ સર્જન્સે ભાગ લીધો છે. કોન્ફરન્સ યોજાવા પાછળનો મુખ્ય ઉદ્દેશ સર્જન્સને એજ્યુકેશન, ટ્રેનિંગ-ટિચિંગ ફોર યંગ સર્જન્સ અને સિનિયર્સ એક્સપિરિયન્સ શેરિંગનો છે. ભારતની અંદર ખાસ પુરૂષ કરતા સ્ત્રીમાં હાડકાં સંબંધિત બીમારી વધુ જોવા મળે છે. આ રેશિયો સ્ત્રી-પુરષમાં અનુક્રમે ૬૫-૩૫નો છે. ભારતીય મહિલાઓમાં ખાસ ડી-૩ અને બી-૧૨ ડેફિશિયન્સી જોવા મળે છે.

આ પ્રસંગે કોન્ફરન્સના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. એચ.પી.ભાલોડિયાએ કહ્યું કે, છેલ્લા કેટલાક સમયથી યુવાનોની અંદર જોઈન્ટ્સ સંબંધિત મુશ્કેલી વધી છે. આવા યુવા દર્દીઓને નવા સિરામિક અને ટાઈટેનિયમ કોટેડ મટીરિયલ જોઈન્ટ રિપ્લેસ કરવાથી ઘણો લાભ થઈ શકે છે. વધતી ઉંમર, હાડકાંનો ઘસારો અને શારીરિક વ્યાયામના અભાવથી હાડકાં સંબંધિત રોગો વધી રહ્યા છે. સ્ત્રીઓમાં મેનોપોસ બાદ હાડકાંની ક્વોલિટી ઘટતી જાય છે. ડૉ. ભાલોડિયાએ કહ્યું કે, બીજી તરફ ખાસ ભારતીય મહિલાઓમાં સન એક્પોઝર નહીં મળવાને કારણે તેમજ વેજિટેરિયન ફૂડનો ઉપયોગ વધારે હોવાથી તેમનામાં ડી-૩ અને બી-૧૨ ડેફિશિયન્સી જોવા મળે છે. કોન્ફરન્સમાં યુ.એસ.એ માયોક્લિનિકના ડેનબેરીએ ભારતના સર્જન્સ સમક્ષ પોતાના રસપ્રદ અનુભવ શેર કર્યા હતાં.